## મક્કમ મનોબળની માલિક (પહેલા પાનાનું ચાલુ)

બાળકોને શાળાએ જતા જોઈને કુમળી વયે જ ભણતર પ્રત્યે લગાવ થઇ ગયો હોવાથી તેમની મનોકામના ડૉક્ટર અથવા પાઇલટ થવાની હતી.

જોકે, પરિવારની વિચારધારા આડી આવી. શેરપા કોમમાં તેમનો ઉછેર ચાર ભાઈઓ અને સાત બહેનોના બહોળા પરિવારમાં થયો હતો. જોકે, નાનકડી લકમાને શાળામાં ભણવાની છૂટ નહોતી આપવામાં આવી. એટલે કોઈ પણ પ્રકારના ઔપચારિક શિક્ષણ વિના ઉછેર થયો હોવાને કારણે યુવાન વયે કામ કરવા નીકળ્યા પછી લોકોના ઘરકામની કે અત્યારે કરે છે એ ફૂડ કંપનીમાં સફાઈ કામગાર જેવી નોકરીઓ જ તેમને કરવી પડી છે. જોકે પ્રતિકૂળતા સામે ઝઝૂમીને આગળ વધવું એ જાણે તેમના જીવનનો નિત્યકર્મ બની ગયો છે.

શેરપા પરિવારની કન્યાઓને પર્વતારોહણ વિષે બહુ ઉત્તેજન નથી અપાતું. તેમને એનાથી દૂર રાખવાની કોશિશ કરવામાં આવે છે. લકમા નાનપણથી એક છોકરાની જેમ વધુ ઉછરી છે અને એવરેસ્ટના બેઝ કેમ્પ સુધી પર્વતારોહકનો માલસામાન લઇ જવામાં મદદરૂપ થવામાં એમને આનંદ આવતો હતો. ૧૯૯૩માં એવરેસ્ટ સર કરનારી પ્રથમ નેપાળી મહિલાનું સન્માન મેળવ્યા પછી નીચે ઊતરતી વખતે પસાંગ લહામું શેરપાનું અવસાન થતાં લકમા માટે પર્વતારોહક બનવું અત્યંત મુશ્કેલ બની ગયું હતું.

જોકે, ૨૦૦૦ની સાલમાં લકમાજીને તક મળી ખરી. નેપાળ સરકાર પાસેથી પરમિટ મેળવવામાં સફળ રહેલી મહિલા પર્વતારોહકની ટીમમાં તેઓ જોડાઈ ગયાં હતાં. ટોચ પર પહોંચીને હેમખેમ પાછા ફરેલા તેઓ પ્રથમ નેપાળી મહિલા બન્યાં હતાં. લકમાજીએ પ્રથમ સિદ્ધિ ૧૮મે, ૨૦૦૦ના દિવસે મેળવી હતી. ત્યાર બાદ ૨૦૦૧, ૨૦૦૩, ૨૦૦૪, ૨૦૦૫ અને ૨૦૦૬માં તેમની વિરલ સિદ્ધિઓનું પુનરાવર્તન થયું હતું. ૨૦૦૬ પછી એક મોટો ગેપ આવી ગયો. કદાચ દીકરીઓના ઉછેરને પ્રાધાન્ય આપવું હશે એટલે વિશ્રાંતિ લીધી હશે. બરાબર ૧૦ વર્ષ પછી ૨૦૧૬માં તેમણે સાતમી વખત સોનેરી સિદ્ધિ મેળવી અને સાથે આંકડો આઠ પર પહોંચ્યો છે.

જોઈએ નવમી વારનો પ્રયત્ન કેવો રહે છે. લકમા સાથે ૨૦૦૪માં એવરેસ્ટની ઊંચાઈએ પહોંચવામાં સફળ રહેલી ઍન નામની યુવતીના કહેવા પ્રમાણે લકમાની શારીરિક અને માનસિક મજબૂતી વખાણવાલાયક છે. લકમાજી પોતે પણ ગર્વ અનુભવે છે અને કહે છે કે 'પુરુષ કરે એવાં ઘણા વિકટ કાર્યો મહિલા પણ સફળતાપૂર્વક કરી શકે છે. એવરેસ્ટના શિખર પર વાવટો લહેરાવવો આ માત્ર પુરુષનો જ ઈજારો નથી. મહિલાઓને માનસિક બળ મળતું રહે એ માટે હું વધુ ને વધુ વાર શિખર સર કરવાની ઈચ્છા રાખું છું.' ગુડ લક, શ્રીમતી લકમા શેરપા. ■

## મળો મણિપુરની ગ્રામ્યમાતાઓને (પાંચમા પાનાનું ચાલુ)

છે. (પરંપરાગત ખેતીવાડી છોડીને લોકોને બે પૈસા કમાવા શહેરમાં આવી વસવું પડે છે એ પણ આ દેશની એક કરુણતા જ છે, પરંતુ એ વિષયની વાત ફરી કોઇ વાર).

બીજી એક મહિલા હોઇકિમ, સિલ્મેટ વિસ્તારના પુલ પાસે હાથેથી ચાલતા સંચા વડે રસ કાઢીને વેચે છે. રોજના ૨૦૦થી ૩૦૦ રૂપિયા રળી લે છે. દસ વર્ષ પહેલા શહેરમાં આવેલી આ મહિલાએ પતિથી છૂટાછેડા લીધા છે. ૪૦ વર્ષની આ મહિલાને છ સંતાન છે. પતિથી અલગ થયા બાદ ત્રણને તેણે અનાથાશ્રમમાં મૂક્યા છે અને ત્રણ તેની સાથે રહે છે અને તેને ઘરકામમાં મદદ કરે છે.

હોઇકિમ કહે છે કે આ ધંધો પણ તમે ધારો એટલો સરળ નથી. પણ એમાંય હરીફાઇ આવી ગઇ છે. તે કહે છે કે તેને માંદગીને કારણે થોડા દિવસ પણ ધંધો બંધ રાખવાની નોબત આવે તો બીજું કોઇ તેની જગ્યા લઇ લે છે. અગાઉ રેંગકાઇ રોડ પર હું મારો વ્યવસાય ચલાવી રહી હતી, પણ બીમારીને લીધે થોડા દિવસ હું ત્યાં જઇ ન શકી તો ત્યાં બીજું કોઇ આવી ગયું. મારે બીજી જગ્યા શોધવી પડી અને અહીં આવી નવેસરથી શરૂઆત કરવી પડી. તે વધુમાં જણાવે છે કે હાથેથી ચાલતા સંચામાં વધુ શ્રમ કરવો પડે છે, પણ મશીનવાળા સંચા કરતાં ઘણો સસ્તો પડે છે એટલે અમારી પાસે કોઇ બીજો વિકલ્પ જ નથી.

પતિ-પત્ની સાથે મળીને આ વ્યવસાય ચલાવતા હોય એવું પણ જોવા મળે છે. છેલ્લાં પાંચ વર્ષથી હૌમન અને તેનો પતિ વુંગદોલ આ ધંધામાં છે. શેરડીના સાંઠા સારી ગુણવત્તાવાળા અને વાજબી ભાવે મળી જાય તે માટે પતિ મહાશય સવારે ચાર વાગે ઊઠી, પાંચ કિ.મી. ચાલીને શેરડીના વિક્રેતાઓ પાસે પહોંચી જાય છે. સવારથી તેઓ શેરડીનો સંચો ચાલુ કરી દે છે, ત્યાર બાદ તેની પત્ની પણ ઘરકામ પતાવી, ઘરેથી રોટલા લઇને આવે છે. ત્યાર બાદ બેઉ આખો દિવસ સાથે જ કામ કરે છે. આ અગાઉ બાંધકામ ક્ષેત્રે કામ કરીને પેટિયું રળતાં આ દંપતી કહે છે કે આ ધંધામાં સ્થિર આવક થાય છે.

જોકે, ઓગસ્ટથી ઓક્ટોબર મહિના સુધી કાચો માલ મેળવતા થોડી તકલીફ પડતી હોવાથી આ સમય થોડો નબળો જાય છે, પરંતુ ઉનાળાની વાત કાઢતાં જ તેમની આંખોમાં ચમક આવી જાય છે. તેઓ કહે છે, લોકો રસ પીવા લાઇનો લગાડે છે, આ ઋતુમાં જ અમારે બાકીની ઋતુનું પણ કમાઇ લેવું પડે છે.

શેરડીનો સંચો ચલાવીને ગરમીમાં લોકોની તરસ છીપાવતી આ મણિપુરની ગ્રામ્યમાતાઓ પર પેલા કલાપીના ગીતમાં આવતા રાજવી જેવી નજર ન લાગી જાય તેવી પ્રભુને પ્રાર્થના. ■

## MANDRAKE THE MAGICIAN




**જાદુગર મેન્ડ્રેકઃ** ૧) બિગ માર્ટીઃ એટલે મને તારો બદલો લઈને બાજી સરભર કરવાની તક મળે... બહુ વખતે, મેન્ડ્રેક! ૨) બિગ માર્ટીઃ બદલો મીઠો છે! ૩) (મેન્ડ્રેક ઈન્દ્રજાળ પાથરે છે!) મેન્ડ્રેકઃ ખાસ કરીને જ્યારે બંદૂક ગમડ્રોપ્સ કેન્ડી છોડે છે ત્યારે! બહુ સ્વાદિષ્ટ છે, માર્ટી!!

## MUTT & JEFF BY BUD FISHER




**મટ અને જેફઃ** ૧) પડોશીનો છોકરો અભદ્ર ભાષા બોલે છે. જેફ (તે સાંભળે છે): ઉહ! પડોશી દીકરો ખરાબ ભાષા વાપરે છે. ૨) જેફઃ જ્યોર્જી! તારે એવી ભાષાનો વપરાશ ન કરવો જોઈએ! એ બહુ ખરાબ કહેવાય! જ્યોર્જઃ મેં કશું નથી કહ્યું! ૩) જેફઃ જ્યોર્જી, મેં તને બોલતો સાંભળેલો! તું ખોટું બોલે છે! તું જ્યોર્જ વૉશિંગ્ટનની જેમ મોટો માણસ બનવા નથી માગતો? એ ક્યારેય જુઠ્ઠું નહીં બોલી શકતા! જ્યોર્જઃ ઓહ એ નહીં બોલી શક્તા? કેમ, એ તો બહુ સહેલું છે! આજે તો કોઈ પણ માણસ જુઠ્ઠું બોલી શકે છે! જેફઃ મેં એને કહ્યું કે હું બાળક હતો ત્યારે ક્યારેય ખોટું નહીં બોલતો એ પછી ''એણે મને કહ્યું તમે ખોટું બોલતાં ક્યારે શીખેલા?''

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ સુ | લ | ૨ તા | ના | | | ૩ ક્ષે | ત્ર | પા | ૪ લ |
| ગ | | દ | | ૫ વ | હે | મ | | | ક્ય |
| ૬ મ | ૭ હે | શ | | ખા | | ૮ કુ | મ | ક | |
| | શા | | ૯ ભા | ણ | | શ | | | |
| ૧૦ સ | ફે | ૧૧ દ | | | ૧૨ ક | લ | ૧૩ મ | ૧૪ બા | ૧૫ જ |
| ૧૬ મ | રી | મ | ૧૭ સા | લો | | | ૧૮ લ | ગ | ન |
| | | | બ | | ૧૯ વા | ઘ | | બા | |
| | ૨૦ કુ | બે | ર | | લિ | | ૨૧ મ | ગ | ૨૨ ન |
| ૨૩ ખા | | | ૨૪ મ | હ | દ | | ન | | ય |
| ૨૫ સ | ર | સ્વ | તી | | | ૨૬ અ | ખો | વ | ન |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૫ | ૨ | ૬ | ૮ | ૪ | ૩ | ૧ | ૯ |
| ૩ | ૮ | ૧ | ૨ | ૯ | ૭ | ૫ | ૪ | ૬ |
| ૬ | ૪ | ૯ | ૫ | ૩ | ૧ | ૮ | ૭ | ૨ |
| ૮ | ૯ | ૪ | ૧ | ૭ | ૬ | ૨ | ૫ | ૩ |
| ૨ | ૧ | ૩ | ૯ | ૪ | ૫ | ૭ | ૬ | ૮ |
| ૫ | ૬ | ૭ | ૩ | ૨ | ૮ | ૪ | ૯ | ૧ |
| ૧ | ૩ | ૬ | ૭ | ૫ | ૨ | ૯ | ૮ | ૪ |
| ૯ | ૭ | ૮ | ૪ | ૧ | ૩ | ૬ | ૨ | ૫ |
| ૪ | ૨ | ૫ | ૮ | ૬ | ૯ | ૧ | ૩ | ૭ |

## સુડોકુ-૩૩૭૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૮ | ૪ | ૬ | | ૭ | | | |
| ૬ | ૩ | ૫ | ૪ | | | | | |
| | | ૭ | ૮ | ૫ | ૩ | | | ૪ |
| ૯ | | ૮ | | | | | | ૧ |
| ૪ | ૫ | | | | | | ૨ | ૩ |
| ૩ | | | | | | ૬ | | ૭ |
| ૫ | | | ૯ | ૧ | ૪ | ૭ | | |
| | | | | | ૫ | ૨ | ૧ | ૬ |
| | | | ૨ | | ૬ | ૫ | ૪ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોકસમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## શબ્દલાલિત્ય

કાન્તા વોરા

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | | | ૩ | | ૪ | |
| | | | | ૫ | ૬ | | | | |
| ૭ | | | ૮ | | | | ૯ | | |
| | | ૧૦ | | | | | ૧૧ | | |
| | ૧૨ | | ૧૩ | | | ૧૪ | | | |
| | | ૧૫ | | | ૧૬ | | | | |
| | ૧૭ | | | ૧૮ | | | | | ૧૯ |
| ૨૦ | | | | ૨૧ | ૨૨ | | | ૨૩ | |
| | | | ૨૪ | | | | ૨૫ | | |
| ૨૬ | | | | | | ૨૭ | | | |

### આડી ચાવી

૧) વાજતગાજતે (૪)
૩) કાવતરું (૪)
૫) દુઃખ, આફત (૩)
૭) મહાજનનો આગેવાન, શેઠ (૨)
૮) જાણીતું, નામચીન (૩)
૯) પશુઓનો રાજા (૩)
૧૧) તે (૨)
૧૨) ઉમેદ, આશા (૪)
૧૪) ગોટાળો, ખીચડો (૨)
૧૫) પહેલ પાડેલો હીરો (૨)
૧૬) એકી નજરે (૪)
૧૭) જેલ (૨)
૨૦) ઈમારત (૩)
૨૧) છંદ, ખોટી આદત (૩)
૨૩) સુલેહ (૨)
૨૪) રજની (૩)
૨૬) માઘ માસની વદ ચૌદશની રાત (૪)
૨૭) રચનાર (૪)

### ઊભી ચાવી

૧) સર્વોત્તમ (૪)
૨) પોપટ (૨)
૩) છ (૨)
૪) મશીનની જેમ એકધારું (૪)
૫) રકમ (૨)
૬) કાપાકાપી, ખૂનરેજી (૩)
૯) ઘણી ખોટ પછી મળતું (૫)
૧૦) ધન્યવાદ (૫)
૧૩) તક, અનુકૂળ પ્રસંગ (૨)
૧૪) અસ્થિર, હાલતું (૨)
૧૭) મોરનો અવાજ (૪)
૧૮) રહસ્ય જાણનાર (૩)
૧૯) સમુદ્રની પુત્રી (૪)
૨૨) ચીજ (૨)
૨૪) મુસાફર (૨)
૨૫) રિશવત (૨)